હોમગાર્ડઝના મહેકમ પરની તાલીમ સંવર્ગની વિવિધ જગ્યાઓ પર બઢતી માટે શારિરીક ક્ષમતા કસોટી નિયત કરવા બાબત

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૦/૨૨૦૩/ફ

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ- ૦૫/૦૩/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) ગૃહ વિભાગના તા.૦૨/૦૫/૨૦૧૨નું જાહેરનામા ક્રમાંક: જીજી/૨૮/૨૦૧૨ / હગદ /૧૦૨૦૧૦/૨૨૦૩/ફ.

(૨) ગૃહ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૨નું જાહેરનામા ક્રમાંક:જીજી/૪૯/૨૦૧૨ /હગદ /૧૦૯૯/૩૯૨૪/પીટી/ફ.

**ઠરાવઃ-**

હોમગાર્ડઝ તંત્રના મહેકમ પરના જુનીયર સ્ટાફ ઓફીસર(તાલીમ)/ સેન્ટર કમાન્ડર/સ્ટાફ ઓફીસર/ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર/સિનીયર ઇન્સટ્રકટર, વર્ગ-૨ તેમજ હેડ કોન્સ્ટેબલ આર્મરર, ગ્રેડ-૨ અને હવાલદાર આર્મરર, વર્ગ-૩ના ભરતી નિયમોમાં બઢતી માટે શારિરીક ક્ષમતા કસોટીની જોગવાઇ કરવામાં આવેલ છે, પરંતુ શારિરીક ક્ષમતા કસોટી કઇ રીતે લેવી એ નિયત કરવામાં આવેલ નથી. આથી, આ સંવર્ગો માટે શારિરીક ક્ષમતા કસોટીની જોગવાઇ કરવાની બાબત સરકારની વિચારણ હેઠળ હતી.

૨. સરકારની પુખ્ત વિચારણાના અંતે, જુનીયર સ્ટાફ ઓફીસર(તાલીમ)/ સેન્ટર કમાન્ડર/સ્ટાફ ઓફીસર/ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર/સિનીયર ઇન્સટ્રકટર, વર્ગ-૨ તેમજ હેડ કોન્સ્ટેલ આર્મરર, ગ્રેડ-૨ અને હવાલદાર આર્મરર , વર્ગ-૩ ની જગ્યા પર બઢતી માટે નીચે પ્રમાણેની શારિરીક ક્ષમતા કસોટી પાસ કરવાની રહેશે તેમ ઠરાવવામાં આવે છે:

બઢતી માટેના ઉમેદવારે ૮૦૦ (આઠસો) મીટરની દોડ નીચેની વિગતે દર્શાવ્યા મુજબના વિવિધ ઉંમરના જૂથ સામે દર્શાવેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

**(અ) પુરૂષ ઉમેદવાર:**

| ક્રમ | ઉંમરનું જૂથ | દોડ પૂર્ણ કરવાનો વધુમાં વધુ સમયગાળો |
|---|---|---|
| ૧ | ૩૫ વર્ષ સુધી | ૫ મિનિટ, ૧૦ સેકન્ડ |
| ૨ | ૩૫ વર્ષથી વધુ અને ૪૦ વર્ષ સુધી | ૫ મિનિટ, ૨૫ સેકન્ડ |
| ૩ | ૪૦ વર્ષથી વધુ અને ૪૫ વર્ષ સુધી | ૫ મિનિટ, ૪૦ સેકન્ડ |
| ૪ | ૪૫ વર્ષથી વધુ અને ૫૦ વર્ષ સુધી | ૬ મિનિટ, ૧૦ સેકન્ડ |

| | | |
|---|---|---|
| ૫ | ૫૦ વર્ષથી વધુ અને ૫૫ વર્ષ સુધી | ૬ મિનિટ, ૪૫ સેકન્ડ |
| ૬ | ૫૫ વર્ષથી વધુ | ફીઝીકલ એફીસીયન્સી ટેસ્ટમાંથી મુક્તિ આપવાની રહેશે |

**(બ) મહિલા ઉમેદવાર:**

| ક્રમ | ઉંમરનું જૂથ | દોડ પૂર્ણ કરવાનો વધુમાં વધુ સમયગાળો |
|---|---|---|
| ૧ | ૩૫ વર્ષ સુધી | ૬ મિનિટ, ૪૦ સેકન્ડ |
| ૨ | ૩૫ વર્ષથી વધુ અને ૪૦ વર્ષ સુધી | ૬ મિનિટ, ૫૦ સેકન્ડ |
| ૩ | ૪૦ વર્ષથી વધુ અને ૪૫ વર્ષ સુધી | ૭ મિનિટ |
| ૪ | ૪૫ વર્ષથી વધુ અને ૫૦ વર્ષ સુધી | ૭ મિનિટ, ૧૦ સેકન્ડ |
| ૫ | ૫૦ વર્ષથી વધુ અને ૫૫ વર્ષ સુધી | ૭ મિનિટ, ૩૦ સેકન્ડ |
| ૬ | ૫૫ વર્ષથી વધુ | ફીઝીકલ એફીસીયન્સી ટેસ્ટમાંથી મુક્તિ આપવાની રહેશે |

૩. શારિરીક ક્ષમતા કસોટી લેવાની કાર્યવાહી કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદે હાથ ધરવાની રહેશે. આ માટે કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદે ૦૩(ત્રણ) સીનીયર અધિકારીની સમિતિની રચના કરવાની રહેશે.

૪. ઉક્ત કસોટીમાં હાજર રહેવા માટે વ્યક્તિએ રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરનું મેડીકલ ફીટનેસનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હંસા ધારવિયા )
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- અ.મુ.સ.શ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેક્ટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડ્ઝ, હોમગાર્ડ્ઝ ભવન, ગુજરાત રાજ્ય, લાલ દરવાજા, અમદાવાદ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

→ આઈટી શાખા, ગૃહ વિભાગ (વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ)